ગાંધીનગર સમાચાર

**ભ્રષ્ટાચારના આક્ષેપો વખતે ભાજપી કાઉન્સીલરોનું ભેદી મૌન**

# મેદરા કેનાલમાંથી ૧૦ ફુટ લાંબા વિશાળકાય મગરનો મૃતદેહ મળ્યો

**ગ્રામજનોએ મગરને દોરડા વડે બાંધી મૃતદેહને બહાર કાઢ્યો : મગરના મૃત્યુનુ કારણ જાણવા પાસ્ટમોર્ટમ કરાશે : અગાઉ મરણજનારના મૃતહેહ ખવાયેલી હાલતમાં મળતા પોલીસે કેનાલમાં મગર હોવાની શંકા જતાવી હતી પરંતુ વનતંત્રએ આ મામલે ગંભીરતા દાખવી ન હતી**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર જિલ્લાની મેદરા



કેનાલમાં આજે સવારે ૧૦ફુટ લાંબો મૃત મગર તણાંઇ આવતા સ્થાનિકોમાં ફફડાટ પ્રવર્તયો હતો. જો કે કેનાલમાં પાણીમાં નિતરતા મગરના મૃતદેહને સ્થાનિક ગ્રામજનો દ્વારા દોરડા વડે બહાર કાઢવામાં આવ્યો હતો. મગરના મૃતદેહ સામે અચરજ પામતા ગ્રામજનોએ વનતંત્રને પણ જાણ કરી હતી. મોડીસાંજે હરકતમાં આવેલા વનતંત્રના અધિકારીઓ સ્થળ પર પહોંચી આ મામલે જરૂરી તપાસ હાથ ધરી હતી.

જિલ્લાની મેદરા કેનાલમાંથી આજે મોટા મસ મગરનો મૃતદેહ દેખાતા ગ્રામજનો ચોંકી ઉઠ્યા હતા. સવારના સમયે કેનાલમાં મગરનો મૃતદેહ તરતો હોવાની જાણ થતા આ મામલે સ્થાનિક ગ્રામજનોએ વનતંત્રને જાણ કરી હતી. જયારે બીજીતરફ મગરને દોરડા વડે બહાર કાઢવા માટે પ્રયાસ હાથ ધર્યો હતો. દહેગામ તરફથી પાણીના વહેણમાં તણાંઇને આવેલા અંદાજે ૧૦ ફુટ લાંબા મગરને સ્થાનિક ગ્રામજનોએ મહામહેનતના અંતે દોરડાથી બાંધી બહાર કાઢ્યો હતો. જયારે આ મામલે વનતંત્રને પણ જાણ કરી હતી. જો કે કેનાલમાં અગાઉ પણ મરનાર વ્યક્તિના મૃતદેહ ખવાયેલી હાલતમાં મળતા હોવાથી કેનાલ વિસ્તારમાં મગર હોવાની શંકા પોલીસ તંત્ર દ્વારા વ્યકત કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૫ પર

# ભાજપના સભ્યોના આગ્રહથી કેશલેસ પેમેન્ટ પર વળતરની દરખાસ્ત મુલ્તવી રખાઈ

**ભાજપના શાસનમાં સતત બીજી દરખાસ્ત મુલ્તવી રાખવામાં આવતાં રાજકીય તર્કવિતર્ક તેજ બન્યા**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં કેશલેસ પેમેન્ટથી મિલ્કતવેરા પર ૦.૫૦ ટકા વળતર આપવાનો મુદ્દો ભાજપના સભ્યોના આગ્રહને લઈ મુલ્તવી રાખવામાં આવ્યો છે જયારે કોંગ્રેસે આ વળતર ૫ ટકા આપવુ જોઈએ તેવી માંગણી કરી હતી.

ભાજપની સત્તા હોવા છતાં પણ સતત બીજીવાર એજન્ડા પરના વિષયને મુલ્તવી રાખવામાં આવતાં ભાજપનો આંતર ક્લહ ચરમસીમા પર હોવાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બની છે.

સ્થાયી સમિતિએ ૦.૫૦ ટકા વળતર કેશલેસ પેમેન્ટ પર આપવાની ભલામણ સાથે સામાન્ય સભાને દરખાસ્ત મુકવા જણાવ્યુ હતુ અને આજની સામાન્ય સભામાં સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ, નીતિન પટેલ સહિતના સભ્યોએ તેને વધુ અભ્યાસ માટે મુલ્તવી રાખવાનો આગ્રહ કર્યો હતો.

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળેલી આ સામાન્ય સભામાં એક તબક્કે જામનગર મનપા બે ટકા સુધીનું વળતર આપતી હોવાનું જણાવી દરખાસ્ત બે ટકા સુધીની સ્વીકારવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો પરંતુ સભ્યોએ અભ્યાસ માટે સમય અને અન્ય મનપામાં શુ છે તેની વિગતો જણાવી આગળ વધીએ તેવુ સત્તાધારી પક્ષમાંથી જ માંગ થતાં મેયરે આ દરખાસ્તને મુલ્તવી રાખવાની જાહેરાત સાથે સભાનું કામકાજ પૂર્ણ થયાની જાહેરાત પણ કરી હતી.

● અનુસંધાન પાન-૫ પર

## સાલુ... આ વાત હજુ સમજાતી નથી : શૈલેન્દ્રસિંહ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં કેશલેસ પેમન્ટ પર વળતર આપવાની વાત સ્થાયી સમિતિએ મંજૂર કરી અને સામાન્ય સભાને મંજૂરી માટે રજુ કરાઈ પણ સામાન્ય સભામાં સ્થાયી સમિતિના ચેરમેન જ અભ્યાસ કરવા અને અન્ય મનપામાં શું છે તેની વિગતો જાણવા સમય માંગી દરખાસ્ત મુલત્વી રાખવાની વાત કરી તે હજુ સમજાતું નથી તેમ વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ પત્રકારો સાથેની અનૌપચારિક વાતચીતમાં કરી હતી. તેમણે કહ્યું કે ભાજપમાં આંતરિક ડખ્ખા છે. અમે તો પાંચ ટકા વળતર આપવાની વાત કરતા હતા તો ભાજપે મૌન ધારણ કર્યું હતું. કદાચ આ વળતર એમને ઓછું લાગ્યું હોય તો વધારે આપવાની અલગ વાત કરવી જોઈએ... જો કે સ્થાયી સમિતિ ઉતાવળીયા નિર્ણયો કરે છે અને પછી મુલત્વી રાખવાનો અગ્રહ પણ કરાય છે આ કેવી રાજનીતિ.

વિકાસ માટે વધારે નાણાંની જરૂર હોય તો રાજય અને કેન્દ્ર સરકાર બંને ભાજપની છે તેઓ સ્થાયી નાણાં લઈ આવે પણ પ્રજાને વળતર આપવામાં એમને રસ હોય એવું લાગતું નથી.

# ભ્રષ્ટાચારના આક્ષેપો વખતે ભાજપી કાઉન્સીલરોનું ભેદી મૌન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં કોંગ્રેસ દ્વારા ભાજપ અને મેયર સામે આક્ષેપો થતા હતા ત્યારે ભાજપના સભ્યો શાંત થઈને મૌન બેસી રહેતાં ભાજપના આંતરકલહના સંકેતો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

આજની સામાન્ય સભામાં કોંગ્રેસે મેયરને તમના શાસનમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર થયાના આક્ષેપો સાથે ગેરકાયદે બાંધકામ અંગે તપાસની વાત કરી અને હવે ભીનુ સંકેલવામાં આવી રહ્યું છે. ગંભીર આક્ષેપોની હારમાળા કોંગ્રેસે કરી પણ ભાજપના એક પણ સભ્યએ ન તો ઉભા થઈને વિરોધ કર્યો કે ન તો તે વિશે કંઈ પણ બોલવાનું પસંદ કર્યું.

## મેયરને એકલા પાડી દેવાની વ્યુહરચના કે પછી...?

મેયરને એકલા પાડી દેવાયા હતા પરંતુ જો ક મેયર પ્રવિણ પટેલે જણાવ્યું કે મેં તો ગેરકાયદે બાંધકામ બાબતે પગલા લેવાની તંત્રને સૂચના આપી જ છે અને નોટીસો પણ આવા લોકોને બજાવવામાં આવી છે. તમારે જોવી હોય તો આવજો હું બધું બતાવીશ.

મેયરને એકલા પાડવાની ભાજપની વ્યુહરચના હતી કે કેમ? તેવા અણિયાળા સવાલો સાથે રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. સામાન્ય સભા પછી પણ ભાજપના સભ્યોએ એક પછી એક મેયરની ચેમ્બર છોડી જતા રહ્યા હતા અને તેમાં પણ સભ્યોને દોરી સંચાર થતો હોય તેવું સ્પષ્ટ ચિત્ર કોર્પોરેશનના પરિસરમાં ઉપસ્યું હતું.


## પ્રાર્થનાજલિ



**સ્વ. જે. પી. મહેતા**

**સ્વર્ગવાસ તા. ૨૦-૧-૨૦૧૧**

વટવૃક્ષ સમાન વિશાળ પરિવારને સંપ,
સહકાર અને સત્યતાનો માર્ગ બતાવનાર,
જીવનની સુમધુર સુવાસ ફેલાવનાર એવા પરોપકારી
સ્વભાવના આત્માને અમો કદી નહીં ભૂલીએ....
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

**લિ.**

ગં.સ્વ. પદ્માબેન મહેતા
રાજુલ - સ્નેહા - શ્રેયા - પ્રહરકુમાર - હિતા
નિપુલ - ક્રિષ્ના - નીલ - મેઘા - જયમીન
સુકેતુ - જીજ્ઞા - નિધી


## જાહેર નિવિદા

વર્ષ - ૨૦૧૬-૨૦૧૭

**ગાંધીનગર મહાનગરપાલિકા**

બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર - ૧૧, ગાંધીનગર.

આપ સૌ જાણો છો તે મુજબ આપણું ગાંધીનગર શહેર ભારત સરકાર દ્વારા જાહેર થનાર **''સ્માર્ટસીટી''** પસંદગીના રાઉન્ડ-૩ ની હરીફાઈમાં છે. આથી આપ સૌ નગરજનોને વિનંતી છે કે, નીચે જણાવેલ લીંક ઉપર ક્લીક કરી આપનો બહુમૂલ્ય પ્રતિભાવ આપો.

**http://tinyurl.com/z68bojy**

વિશેષમાં જણાવવાનું કે, આ લીંક ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ http://www.gmc-egovern.rog.in ઉપર પણ ઉપલબ્ધ છે. આપનો પ્રતિભાવ તા. ૨૬/૦૧/૨૦૧૭ પહેલાં ઓનલાઈન આપવા નમ્ર વિનંતી છે.

**સ્થળ: ગાંધીનગર.** **સહિ/-**
**તા.૧૯/૦૧/૨૦૧૭** **નાયબ મ્યુનિસિપલ કમિશ્નર ગાંધીનગર**




શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... ૩૫ મી વર્ષગાંઠ તેની
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.


# ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪ાા, સેક્ટર-૧૬, ગાંધીનગર

૧૮/૧/૨૦૧૭

## જાહેર ખુલાસો

બેન્કના માનવંતા ગ્રાહકોને જાહેર ખુલાસો કરતા જણાવવાનું કે, છેલ્લા કેટલાક સમયથી એટલે કે તા. ૩૦/૧૨/૨૦૧૬ થી શરૂ કરીને તા. ૧૭/૧/૨૦૧૭ સુધીમાં કેટલાક વિઘ્ન સંતોષી વ્યક્તિઓ, પત્રકારો દ્વારા આ બેન્કની બાબતમાં તદ્દન ખોટા સમાચાર કોઈપણ પ્રકારના આધાર વિના છાપવામાં આવી રહેલ છે. જેનો અમો બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ નીચે જણાવ્યા મુજબ ખુલાસો કરીએ છીએ.

| અનુ. નં. | તારીખ | વર્તમાન પત્રનું નામ | છાપેલ સમાચાર | બેન્કનો ખુલાસો |
|---|---|---|---|---|
| ૧ | ૩૦/૧૨/૨૦૧૬ | ગાંધીનગર સંદેશ | ગાંધીનગર નાગરિક બેન્કમાં ઈ.ડી.ના દરોડા | વાસ્તવમાં ડાયરેક્ટર ઓફ ઈન્કમટેક્ષ દ્વારા હાથ ધરવામાં આવેલ તપાસની કાર્યવાહી છે. કોઈ ઈ.ડી.ના દરોડા નથી. |
| ૨ | ૩૦/૧૨/૨૦૧૬ | ગાંધીનગર સંદેશ | નોટબંધી બાદ ભાજપના એક નેતાના ૬૦ થી ૭૦ બોગસ ખાતામાં કરોડો રૂપિયા જમા કરવામાં આવ્યા | હકિકતમાં આ પ્રકારના ૬૦થી ૭૦ ખાતાઓમાં કરોડો રૂપિયા જમા કરવામાં આવેલ નથી. વર્તમાન પત્રને આની માહિતી આપવાનો ખુલ્લા પડકાર આપવામાં આવે છે. |
| ૩ | ૩૦/૧૨/૨૦૧૬ | ગાંધીનગર સંદેશ | બેન્કના ચેરમેન અને વાઈસ ચેરમેનની મોડી સાંજ સુધી પુછપરછ હાથ ધરવામાં આવી | સમાચાર સંપૂર્ણ ખોટા છાપેલ છે. આ પ્રકારની કોઈ પુછપરછ કરવામાં આવેલ નથી. વર્તમાન પત્રને સચોટ પુરાવો આપવાનો ખુલ્લો પડકાર આપવામાં આવે છે. |
| ૪ | ૩૦/૧૨/૨૦૧૬ | ગાંધીનગર સંદેશ | જિલ્લા સહકારી બેન્કોમાં ૫૦૦-૧૦૦૦ની જુની નોટોની લેવડ-દેવડ બંધ કરવાનો સરક્યુલર RBI એ જારી કર્યો હતો, તેમાં ગાંધીનગર નાગરિક બેન્કનો પણ સમાવેશ થાય છે. | તદ્દન વાહિયાત/ હાસ્યપ્રદ અને ખોટા સમાચાર છાપેલ છે, આ બેન્કનો સમાવેશ જિલ્લા સહકારી બેન્કોમાં થયેલ નથી. સાબિતી આપવાનો બેન્ક ખુલ્લો પડકાર આપે છે. |
| ૫ | ૩૦/૧૨/૨૦૧૬ | દિવ્ય ભાસ્કર ગાંધીનગર | કાળા અને ધોળા વહિવટમાં બંને પક્ષના હોદ્દેદારો હતા. | કોઈપણ પક્ષના હોદ્દેદારોએ કોઈપણ પ્રકારની મની મેનેજમેન્ટ કરેલ નથી. જો સમાચાર સત્ય હોય તો સત્ય વિગતો આપવાનો વર્તમાન પત્રને ખુલ્લો પડકાર આપવામાં આવે છે. |
| ૬ | ૩૧/૧૨/૨૦૧૬ | દિવ્ય ભાસ્કર ગાંધીનગર | કોંગ્રેસ - ભાજપના નેતાઓની મીલીઝુલી બેન્કમાંથી કરોડોનો ભ્રષ્ટાચાર બહાર આવ્યો, એક ડિરેક્ટરે બાતમી આપતા ભાન્ડો ફુટ્યો, કરોડોનું બ્લેક મની ડિપોઝીટ કરી હેરાફેરી કરાતા ED પણ તપાસમાં જોડાશે. | બેન્કમાંથી કોઈ ભ્રષ્ટાચાર કરવામાં આવેલ નથી, તેમજ ડિરેક્ટરે બાતમી આપેલ હોય તો કયા ડિરેક્ટરે બાતમી આપેલ છે, તે આધાર સહિત જાહેર કરવા માટે સમાચાર પત્રને ખુલ્લો પડકાર આપવામાં આવે છે. તથા આ બેન્કમાં ED તપાસમાં જોડાયેલ નથી તે સ્પષ્ટ છે. |
| ૭ | ૩૧/૧૨/૨૦૧૬ | દિવ્ય ભાસ્કર ગાંધીનગર | બેન્કના ૫૫ - ખાતાઓમાં નોટબંધી પછી ૫૦ કરોડના બ્લેક મનીની હેરાફેરી થઈ હોવાના ITના દરોડામાં બહાર આવ્યું છે. | સમાચાર તદ્દન પાયા વગરના અને ખોટા છાપવામાં આવેલ છે. આશરે ૮૭૨૩ ખાતાઓમાં કુલ રૂપિયા ૬૫ કરોડ જમા કરવામાં આવેલ હોય ત્યાં માત્ર ૫૫ - ખાતાઓમાં ૫૦ - કરોડના બ્લેક મનીની હેરાફેરી કઈ રીતે હોઈ શકે તે વિચારવા લાયક જણાય છે. જેની સાબિતી આપવા પણ પડકાર આપવામાં આવે છે. |
| ૮ | ૩૧/૧૨/૨૦૧૬ | દિવ્ય ભાસ્કર ગાંધીનગર | રૂપિયા ૪ - લાખનું રીટર્ન ભરનારના ખાતામાં રૂપિયા ૧૫ લાખ જમા. | રીઝર્વ બેન્ક દ્વારા તા. ૧૦/૧૧/૨૦૧૬થી ૩૦/૧૨/૨૦૧૬ દરમિયાન દરેક ખાતેદારને પોતાના ખાતામાં રદ થયેલ નોટો જમા કરવાની છુટ આપેલ છે. તેમાં કોઈ મર્યાદા જાહેર કરેલ નથી અને પોતાના ખાતામાં જમા કરેલ રકમનો ખુલાસો આપવાની જે તે ખાતેદારની વ્યક્તિગત જવાબદારી ઉપસ્થિત થાય છે. |
| ૯ | ૩૧/૧૨/૨૦૧૬ | દિવ્ય ભાસ્કર ગાંધીનગર | આ બેન્કના કેટલાક ખાતાઓ ખાતેદારની જાણ બહાર ઓપરેટ કરાયા હતા. જેમાં કરોડો રૂપિયાની ગેરરીતીઓ જોવા મળી છે. | સમાચાર તદ્દન ખોટા છાપવામાં આવેલ છે. બેન્કે આવા કોઈ જાણ બહારના ઓપરેશન કરેલ નથી તેમજ જે ખેતાદોરોના ખાતામાં રકમ જમા થયેલ છે તેના મોબાઈલ સંદેશાઓ દરેક ખાતેદારને મોકલવામાં આવે છે. જેનો સંપૂર્ણ નોંધ આજની તારીખે બેન્ક પાસે હયાત છે. સમાચાર પત્રને ગેરરિતી સાહિત કરવા માટે પણ ખુલ્લો પડકાર આપવામાં આવે છે. |
| ૧૦ | ૩/૧/૨૦૧૭ | નવગુજરાત સમય ગાંધીનગર સમય | આયકર વિભાગના સિનિયર અધિકારીના જણાવ્યા મુજબ કેટલાક ખાતાઓમાં ખાતેદારની જાણ બહાર રદ થયેલી નોટો જમા કરાયેલ હોવાનું અને તેનો બારોબાર વહિવટ થઈ ગયો હોવાની બાબતો ધ્યાને આવી રહી છે. | સમાચાર તદ્દન ખોટા છાપેલ છે. અગાઉ જણાવ્યું તેમ દરેક ખાતેદારને મોબાઈલ ઉપર SMS દ્વારા જમા કરવામાં આવેલ રકમની જાણ કરવામાં આવે છે. |
| ૧૧ | ૧૭/૧/૨૦૧૭ | નવગુજરાત સમય ગાંધીનગર સમય | ગાંધીનગર નાગરિક સહકારી બેન્કમાં પણ મોટા પાયે ગોબાચાળી થઈ છે. એક જ વ્યક્તિ દ્વારા ઘણા બધા એકાઉન્ટ ઓપરેટ કરવામાં આવતા હતા. બેન્કના ૫૦થી વધુ શંકાસ્પદ એકાઉન્ટમાંથી ઘણા ટ્રાન્ઝેક્શન થયા છે. રૂપિયા ૫૦ કરોડના મલ્ટી ટ્રાન્ઝેક્શન થયા હોવાની વિગતો પણ મળી છે. | સમાચાર તદ્દન પાયાવગરના અને ખોટા ખોટા છાપવામાં આવેલ છે. ૫૦ - કરોડના મલ્ટી ટ્રાન્ઝેક્શન થયા હોવાની વિગતો જાહેર કરવા માટે પણ સમાચાર પત્રને પડકાર આપવામાં આવે છે. |
| ૧૨ | ૧૮/૧/૨૦૧૭ | સંદેશ | કરોડો રૂપિયાની ગેરરિતીનો આવક વેરાનો રીપોર્ટ આર.બી.આઈ.માં પહોંચ્યા બાદ બેન્કનું લાયસન્સ કેન્સલ સુધીના પગલા પણ લેવાઈ શકે છે. | આ હલકટ સમાચાર પત્રએ આ જ શબ્દો મલીન ઈરાદાથી પોતાના તા. ૩૧/૧૨/૨૦૧૬ના સમાચાર પત્રમાં પણ છાપેલા છે, જેથી સંપૂર્ણ સ્પષ્ટ થાય છે કે, બેન્કના ખાતેદારોમાં અને શહેરની જનતાને ગેરમાર્ગે દોરવાનો ઈરાદા પૂર્વકનો પ્રયત્ન કરવામાં આવી રહેલ છે. |
| ૧૩ | ૧૮/૧/૨૦૧૭ | સંદેશ | ખાતેદારોના ખાતામાં ૫ થી ૧૫ લાખની રકમ ડિપોઝીટ કરીને તેમની પાસેથી દર અઠવાડિયે ૨૫-હજાર સુધીની રકમ ઉપાડ કરીને પાછી એકત્ર કરી લેવામાં આવવતી હતી. | સમાચાર તદ્દન ખોટા છાપેલ છે. અગાઉ જણાવ્યું તેમ દરેક રકમનો ઉપાડ કરવાની મર્યાદા બાંધેલ હોય ત્યાં રૂપિયા ૨૫ હજારની છુટ બેન્ક કેવી રીતે આપી શકે તે પ્રશ્ન છે. વધુમાં બેન્કે પોતાને મળતા નાણા પુરવઠાના પ્રમાણને ધ્યાને લઈને તબક્કાવાર માત્ર રૂપિયા, ૧૦,૦૦૦, ૩૦૦૦, ૩૫૦૦, ૪૦૦૦, ૧૫,૦૦૦ અને હાલ રૂપિયા ૨૪ હજારની અઠવાડીક ઉપાડની જોગવાઈ રાખેલ છે. આમ મુર્ખામી ભરેલા સમાચાર માત્ર મલીન ઈરાદાથી છાપેલ છે તે સ્પષ્ટ થાય છે. |
| ૧૪ | ૧૯/૧/૨૦૧૭ | નવગુજરાત સમય ગાંધીનગર સમય | બેન્કમાં નોટબંધી બાદ રૂપિયા ૫૦-કરોડ જમા થયા હોવાનો પ્રાથમિક રીપોર્ટ આયકર વિભાગના અધિકારીઓએ તૈયાર કર્યો છે. | સમાચાર તદ્દન ખોટા છે. જેનો ખુલાસો ઉપરોક્ત મુદ્દા નં. ૭માં આવી ગયેલ છે. |

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ**

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com